<u>**અમદાવાદના મહે. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. રર માં, અમદાવાદ.**</u>

<u>**ફો.કેસ નં. 82919/2024**</u>

**૧.** ફરિયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીએ આંક–૦૧ ની હકીકતે ગુનો કરી ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ન કલમ–૬૬(૧)(બી), ૮૫ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. સદર કેસનું ચાર્જશીટ કોર્ટમાં રજુ થતાં, તે અન્વયે કોર્ટે આરોપીને સમન્સ કરેલ અને આરોપી હાજર થતાં પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલી છે. જયારે હાલના આરોપીને તેની સામેની પ્લી વાંચી સંભળાવી, સમજાવતાં, તેઓએ ગુનાની કબુલાત કરવાની પુરશીશ રજુ કરી, સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ છે. હાલના કેસમાં આરોપી વિરૂધ્ધ આ જ પ્રકારના અગાઉ કોઈ ગુના સબબ પૂર્વદોષસિધ્ધિ નથી અને હાલના આરોપીએ સ્વેચ્છાએ કોઈપણ પ્રકારની ધાક ધમકી, દાબ દબાણ વગર કબુલાત કરવાની રજુઆત કરેલ છે, જેથી આરોપીની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોઈ, તે નહીં માનવા માટે કોઈ કારણ નથી.

**૨.** આમ, હાલના કામમાં આરોપી સ્વૈચ્છિક ગુનાની કબુલાત કરે છે. આરોપી ગરીબ વર્ગના તેમજ કુટુંબમાં એક જ કમાનાર વ્યકિત / યુવાન વયના / વૃધ્ધ ઉંમરના / સ્ત્રી આરોપી છે અને ફરીવાર આવો ગુનો નહીં કરવાની ખાતરી આપી, સુધરવાની તક આપી, દયાની માંગણી કરી, યોગ્ય દંડ તથા સજા કરવા રજુઆત કરેલ છે અને આરોપીએ સ્વૈચ્છિક કબુલાત કરેલ છે.

**3.** હાલના કામે ઉપરોકત કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં, તેમજ આરોપીનો આ ગુનો પ્રજમ હોઈ, તેમજ આરોપી સામેનો ગુનો નજીવો ગુનો (પેટી ઓફેન્સ) છે, આરોપી ગરીબ માણસ હોય, નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫ (૧) જી.એલ.આર. ૨૦૦૫ ના સરકાર વિ. નટવરલાલ રતનજી ઠાકોરના ચુકાદાને ધ્યાને લઈ, આરોપીની કબુલાત તથા ગુનાના સંજોગો ધ્યાને લેતાં તથા સુધારાલક્ષી શિક્ષાની વિચારસરણી (Reformative Theory of Punishment ) ના સિધ્ધાંતને ધ્યાને રાખતા આરોપીને ન્યૂનત્તમ કે મહત્તમ સજા નહીં કરવાથી પણ ન્યાયનો હેતુ જળશવાશે તવું જણાતું હોઈ, આરોપીને હાલના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>**–: હુકમ :–**</u>

આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૫ અન્વયે ધી ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૬(૧)(બી), ૮૫ હેઠળના શિક્ષાને પાત્ર ગુનામાં રૂા.૨૦૦/– (અંકે રૂપિયા બસ્સો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૦૨ (બે) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૨૨/૦૬/૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં સ્પેશિયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૨/૦૬/૨૦૨૪
સ્થળ: અમદાવાદ.
<u>**સ્પેશિયલ સીટીંગ**</u>

(કુ. ભારતી જી. રાઠોડ)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૨૨, અમદાવાદ.
CODE GJ 01481